


શર્વરી 'બંટી ઔર બબલી-2'માં બબલી હતી પણ પછી તે વધારે ફિલ્મોમાં દેખાય નથી. હવે જો કે 'મુંજયા' પછી જોહન સાથે 'વેદા'માં અને તે ઉપરાંત આમીરના દિકરા જૂનૈદ સાથે 'મહારાજ'માં આવી રહી છે

# શર્વરી હવે 'વાઘ' નથી

સ્ક્રિનિંગ

શું કોઈ એવી અલૌકિક શકિત છે કે જે આપણી પર રાજ કરે અને આપણા જીવનને તહસનહસ કરી નાંખે? 'મુંજયા' નામની ફિલ્મ આવી શકિતની વાત કરે છે પણ હવે ભૂતકથાને પણ કોમેડી સાથે કહેવાની શૈલી ચાલી નીકળી છે એટલે આ ફિલ્મમાં ભૂતનો ડર અને હાસ્ય બંને સાથે રખાયા છે. શર્વરી વાઘ તેની મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં એનિમેટેડ પાત્રો ખૂબ જ પ્રભાવક રીતે દર્શાવાયા હોવાનું કહેવાય છે અને તે કારણે જ કમ્પ્યુટર- જનરેટેડ ઈમેજરી બાબતે તેને ખૂબ પ્રશંસા મળી છે. આ ફિલ્મનો દિગ્દર્શક આદિત્ય સરપોતદાર છે જે આઠ જેટલી મરાઠી ફિલ્મો બનાવી પ્રશંસા અને સફળતા મેળવી ચૂકયો છે. તેણે 'થોડી થોડી સી મનમાનીયાં', 'ધ શોલે ગર્લ', 'ધ રાઈકર કેસ' અને 'કાકુડા' સહિતની હિન્દી ફિલ્મો બનાવી છે. શર્વરી વાઘ પણ મરાઠી અભિનેત્રી છે એટલે તેણે આ ફિલ્મમાં તેને તક આપી છે. શર્વરી 'બંટી ઔર બબલી'માં બબલી હતી પણ પછી તે વધારે ફિલ્મોમાં દેખાય નથી. હવે જો કે 'મુંજયા' પછી જહોન અબ્રાહમ સાથે 'વેદા'માં અને તે ઉપરાંત આમીરખાનના દિકરા જૂનૈદ ખાન સાથે 'મહારાજ'માં આવી રહી છે. શર્વરીએ શરૂઆત તો સહાયક દિગ્દર્શક તરીકે કરેલી પણ 'ધ ફર્ગોટન આર્મી- આઝાદી કે લિયે' ટીવી શ્રેણીમાં કામ કર્યા પછી અભિનયને જ મુખ્ય બનાવી દીધો છે. જો કે તેને અપેક્ષા મુજબની સફળતા નથી મળી. બાકી તેના નાના મનોહર જોશી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહી ચૂકયા છે. પણ ફિલ્મ જગતમાં રાજસત્તા ચાલતી નથી અને રાજનેતાનાં સંબંધીને જોવા વધારે પ્રેક્ષક આવે એવું નથી. શર્વરી વાઘ જો કે પોતે ખાસ્સી મહેનતુ છે અને ધીરજ રાખી આગળ વધી રહી છે. 'મુંજયા' ફિલ્મ પાસે તેને ઘણી આશા છે કારણ કે તે બે ત્રણ રીતે પ્રભાવક ફિલ્મ બની છે. તે હવે નામ સાથે વાઘ અટક લખાવતી નથી અને કદાચ તેનો જ ફાયદો થયો હોય તેમ તેની પાસે 6-7 ફિલ્મો આવી ચડી છે. આ ફિલ્મોમાં આપણા ગુજરાતી દિગ્દર્શક અનુરાગ પ્રપન્નાની 'કેમ્પસ' પણ છે અને આલિયા ભટ્ટ, બોબી દેઓલ સાથેની 'ધ હન્ટ્રેસ' પણ છે. 'મેરા જવાઈ એન.આર.આઈ'માં તે કોમેડી વ્યંગ સાથેની ભૂમિકા કરશે. શર્વરી કહે છે કે આ એકાદ વર્ષમાં મારી જે ફિલ્મો આવે છે તે મને મારા મુકામ પર પહોંચાડશે. સારા દિગ્દર્શકો મારી પર વિશ્વાસ મુકે છે. વળી દરેક ફિલ્મો અને તેમાં મળતા પાત્રો પોતે પણ તેનું ભવિષ્ય લઈને આવે છે. શર્વરી અત્યારે તેની રજૂ થઈ રહેલી ફિલ્મ પર ઘણો ભરોસો કરી રહી છે અને કહે છે કે આમાં એનિમેશનનો પણ ખૂબ ઉપયોગ થયો છે એટલે પ્રેક્ષકો તેને માણશે. ●

# અનુ કપૂર એક્ટિંગથી ભરપૂર



છેલ્લાં થોડા વર્ષોમાં એક ખાસ નોંધવા જેવી વાત એ બની છે કે સ્ટાર્સ વિના તો ફિલ્મો બને જ છે પણ હીરો-હીરોઈન વિના પણ ઘણી ફિલ્મો બની છે, હીરો હોય તો તે પણ ચરિત્ર અભિનેતા લાગે તેવી ય ફિલ્મો આવી છે. હવે પિયુષ મિશ્રા, પરેશ રાવલ, અનુપમખેર, નીના ગુપ્તા, બોમન ઈરાની જેવા આખી ફિલ્મનાં કેન્દ્રમાં હોય છે. 'ઊંચાઈ' ફિલ્મ ચરિત્ર અભિનેતાઓથી જ બનેલી અને હમણાં મડગાંવ એક્સ્પ્રેસમાં પણ હીરો-હીરોઈન નથી. ત્રણ મિત્રોની જ વાર્તા છે. આવી ફિલ્મો હવે અનેક છે અને તે કારણે અનુકપૂર જેવા પણ ફરી પાછા કામમાં વ્યસ્ત છે. હવે તેને હમારા બારહ નામની ફિલ્મમાં તમે તેને નવાબ સાહબ તરીકે જોશો. આ ફિલ્મ જો કે વિવાદમાં આવી ગઈ છે કારણકે તે વિચારોત્તેજક છે. અનુકપૂર કહે છે કે ફિલ્મ જુઓ અને પછી નિષ્કર્ષ પર પહોંચજો. જો કે અનુકપૂરે પોલીસ પાસે સંરક્ષણ માંગવુ પડયું છે.


હમારે બારહ ફિલ્મ ઉત્તરપ્રદેશની પૃષ્ઠભૂમિ પર બની છે અને તેમાં વસ્તી વધારાના મુદ્દાને ઉઠાવાયો છે. તેમાં સ્ત્રીઓ સામે ઊભા થનારા પડકારા વિશે પણ પ્રકાશ નખાયો છે. નરેન્દ્ર મોદીના સમયમાં ઘણી એવી ફિલ્મો બની જે જાહેર ચર્ચા માંગતી હોય. હમારે બારહ પણ એવી છે. અનુ કપૂર અભિનયના વ્યવસાયમાં છે પણ કોઈ જૂદો વિષય  હોય અને પોતાને કહેવાનું હોય. તેવી ફિલ્મમાં જ કામ કરવું પસંદ કરે છે. હમારે બારહ માટે  ધમકી મળવાં માંડી તો તે બોલ્યો કે ભારત હવે એ નથી જે આજ સુધી હતું. ભારત હવે બીજું છે. ધમકીઓથી ડરનારાઓમાં અમે નથી. મારા દેશની પોલીસ બહુ સશક્ત છે. જો તમે શાંતિ ભંગ કરવાનો પ્રયત્ન કરશો તો ધ્યાન રાખજો અમે પણ ચૂપ નથી બેસવાના.

એક્ટર્સ લાઈફ

અનુકપૂર વિકીડોનરની ભૂમિકા પછી લોકોનાં નવી ઓળખ ઊભી કરી શક્યો છે અને ત્યારપછી જોલી એલએલબી-2, ડ્રીમ ગર્લ, સબ માયા હે વગેરે ફિલ્મ માટે પણ તેને પ્રશંસા મળી છે. અનુ કપૂર જો કે 45 વર્ષથી ફિલ્મોમાં છે  અને વચ્ચે લાંબો સમય ટી.વી પર ઘણી ટી.વી. સિરીયલમાં ભૂમિકા કરવા ઉપરાંત અંતાક્ષરી થી જબરદસ્ત લોકપ્રિયતા મેળવી હતી. તે એક તરફ  મંડી, ખંડહર, ઉત્સવ, દામુલ, એક રૂકા હુઆ ફેંસલા પ્રકારની ફિલ્મોનાં પણ કામ કરતો રહ્યો અને મિ. ઈન્ડિયા, તેજાબ, એલાન એ જંગ, ઘાયલ, હમ પ્રકારની મનોરંજક ફિલ્મોમાં પણ કામ કરતો રહ્યો. સરદાર જેવી ફિલ્મમાં તે ગાંધીજી પણ બનેલો. તેના કામમાં વૈવિધ્ય છે અને એક પ્રકારની સામાજીક જવાબદારી પણ છે. ટી.વી. પર ખૂબ વ્યસ્ત હતો ત્યારે ફિલ્મોનું કામ ઓછુ થઈ ગયેલું પણ હવે પસંદગીની ફિલ્મોમાં કામ કરે છે. તે ખુદા હાફીઝ માં ઉસ્માન અલી મુરાદ બનેલો તો હવે નવાબ સાહેબ તરીકે આવ્યો છે.

હકીકતે તો તેની આવનારી ફિલ્મો પર પણ નજર રાખવા જેવી છે 'મેં દિનદયાલ હું' ફિલ્મમાં તે દિનદયાલ ઉપાધ્યાયની મુખ્ય ભૂમિકામાં છે. તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ચિન્તક અને સંગઠનકર્તા હતા અને ભારતીય જનસંઘના અધ્યક્ષ પણ રહેતા. ભારતીય જનતા પક્ષની રાજકીય વિચારધારા ઘડનારામાં તેઓ એક છે. તેમની સાથે એ આઘાતક ઘટના પણ જોડાયેલી છે કે મુગલસરાય સ્ટેશને તેમની હત્યા કરી દેવાયેલી. અનુ દિનદયાલજીની ભૂમિકામાં છે અને એ ફિલ્મ પણ ચર્ચા જગાડશે. અનુ એક સક્ષમ અભિનેતા છે અને રાષ્ટ્રવાદ વિશે પોતાના સ્પષ્ટ વિચારો પણ ધરાવે છે. તેની 'લવકી એરેંજ મેરેજ' ધ સિગ્નેચર ફિલ્મ પણ જોવાની રસપ્રદ  રહેશે. ધ સિગ્નેચરમાં તેની અને અનુપમ ખેરની મુખ્ય ભૂમિકા છે. તે બંને 65 ઉપરના અભિનેતા છે અને તેમના પાત્રો કેન્દ્રમાં હોય એવી ફિલ્મો બને છે. ચરિત્ર અભિનેતાઓ માટે અત્યારે સારો સમય ચાલી રહ્યો છે, અનુ કપૂરનો પણ. ●

# અવિનાશ ધ્યાની પર ધ્યાન આપજો



કેમેરા ઑન

'ફૂલી' નામની એ ફિલ્મને જોવા કેટલા પ્રેક્ષકો જશે તે ખબર નથી. શું છે કે તેમાં કોઈ જાણીતા કલાકાર નથી, જાણીતા દિગ્દર્શક નથી અને છતાં ફિલ્મ તો બની છે. અલબત્ત, આ ફિલ્મના દિગ્દર્શક અને મુખ્ય અભિનેતા અવિનાશ ધ્યાનીએ અત્યાર પહેલાં પોતાના દિગ્દર્શનમાં '72 અવર્સ' અને 'સુમેરુ' બનાવી હતી. '72 વર્સ' તો જશવંતસીંઘ રાવત નામના એ રાઈફલમેન આધારીત હતી જે ભારત-ચીનનાં 1962ના યુધ્ધમાં એકલે હાથે ઝઝૂમ્યો હતો. આ ફિલ્મમાં જશવંત સીંઘની ભૂમિકા અવિનાશ ધ્યાનીએ જ ભજવી હતી. 'સુમેરુ' ટ્રેકિગ અને માઉન્ટેનિયરીંગ સાથે જોડાયેલી પ્રેમકહાણી હતી. અવિનાશ પોતાની ફિલ્મોનું લોકેશન ઉત્તરાખંડ જ રાખે છે. 'ફૂલી' ફિલ્મ પણ ઉત્તરાખંડમાં જ ફિલ્માવાયેલી છે. અવિનાશ ને ઉત્તરાખંડના એક ગામમાં વર્કશોપ માટે બોલાવાયેલો અને ત્યાં સ્કુલના બાળકોમાં જે પ્રતિભા જોઈ તે પછી આ ફિલ્મ વિચારી. અવિનાશની આ ફિલ્મમાં બાળ કલાકાર રિયા બલુની મુખ્ય છે અને તે ઉપરાંત સુરુચિ સકલાની છે અને અવિનાશ દયાની સ્વયં જાદુગરના પાત્રમાં છે જે પેલી ફૂલી નામની જિંદગીમાં જાદુ ભરી દે છે. તેનું શિક્ષણ બદલી નાંખે છે. અત્યારે વેકેશન ચાલે છે એટલે ફિલ્મ રજૂ કરવા માટે પર્ફેક્ટ સમય કહેવાય પણ જાણીતા અભિનેતા-અભિનેતીની ગેરહાજરી હોવાથી લોકો શરૂમાં નહીં જુએ તે શક્ય છે. હા, આજકાલ એવું છે કે ફિલ્મ સારી હોય તો શરૂના દિવસ પછી સફળ પણ રહે છે. અવિનાશ દયાની એજ અપેક્ષા રાખશે. અવિનાશે આ પહેલાં ટેલિવિઝન માટે કેટલુંક કામ કર્યું છે. તે મૂળ ઉત્તરાખંડના ગઢવાલી છે. તેણે હિન્દી ફિલ્મના હીરો બનવું હતું અને કોઈએ ન બનાવ્યો તો સ્વયં દિગ્દર્શક-અભિનેતા બન્યો છે. તે આર્મીમેનનો દિકરો છે એટલે લડાયક મિજાજનો તો હોય જ. હવે 'ફૂલી' પણ મોરચો જીતે તો મહેનત કામની. ●

# ઈમરાનની જિંદગી 'જાને તું યા જાને ના'



ઈમરાન ખાન એવા કુટુંબમાંથી આવે છે જેમાં ફિલ્મ સાથે સંકળાયેલા એક નહીં ઘણા છે. ઈમરાન ખાન એટલે પાકિસ્તાનનાં ભૂતપૂર્વ ગ્રેટ ક્રિકેટર યા વડાપ્રધાન રહ્યા પછી હમણાં જેલ હવાલે કરાયો છે તે રાજનેતા નહીં બલ્કે આમીરકાનનો ભાણેજ, ઈમરાને 'જાને તું યા જાને ના'થી શરૂઆત કરેલી અને દિલ્હી બેલી,' 'મેરે બ્રધર કી દુલ્હન', 'આઈ હેટ લવ સ્ટોરીઝ' અને છેલ્લે 'કટ્ટીબટ્ટી'માં અભિનય કર્યો છે પણ વિત્યા વર્ષોમાં તે ફિલ્મોથી એટલો દૂર ગયો કે લોકો ભૂલી જ ગયા. બલ્કી ઈમરાન ખાનના નાનાનું નામ નાસીર હુસેન છે જેમણે અનેક સફલ ફિલ્મો આપી છે. નાસીર હુસેનની દિકરી નુઝત ખાન નો તે દિકરો છે એટલે 'કયામત સે કયામત તક'ના દિગ્દર્શક મનસૂરખાન તેના સગા મામા થાય અને નાસીરહુસેનના ભાઈ તે તાહીર હુસેન અને તેમનો દિકરો આમીર ખાન એટલે તે પણ મામા. આ બધું છતાં ઈમરાની કારકિર્દી અટકી પડી. હવે તે ફરી અભિનય ક્ષેત્રે કમબેક કરવા તત્પર થયો છે પણ અભિનય ક્ષેત્રે કમબેક કરવા તત્પર થયો છે પણ આવચ્ચેના વર્ષમાં તે શું કરતો હતો તે પણ જાણવું રસપ્રદ છે.

અ વં તિ કા

સેકંડ ઇનિંગ્સ

મલિક સાથેના આઠ વર્ષના લગ્નજીવનને 2019માં પૂરા કરી ચૂકેલો ઈમરાન અત્યારે લેકા વોશિંગ્ટન સાથે રહે છે પણ તે પાલીહીલનો બંગલો છોડી બાન્દારના એપાર્ટમેન્ટમાં રહે છે. તેણે તેની ફરારી કાર પણ વેચી કાઢી છે અને તેનું કારણ એ નહી તે ગરીબીમાં આવી ગયો છે બલ્કે તેણે તેના મામા મન્સૂર ખાનની જેમ સાદી જિંદગી સ્વીકારી છે. તે કહે છે કે જે પેશન્સ છે તે પૈસાના કારણે કારણે નથી આવતું જિંદગી મને બીજી દિશા તરફ દોરવી ગઈ. ફિલ્મ જગતમાં ફકત નામ અને દામની જ દોડ છે અને તેમારા માટે પૂરતું નહોતું. બધાના કેન્દ્રમાં પૈસા જ હોય તો મઝા શું?

2015માં 'કટ્ટીબટ્ટી' આવેલી અને ન ચાલેલી તેથી તેણે વિચારવા માંડેલું કે આખર સફળતા શું છે ને જીવનનો આનંદ શું છે તે ધારતે તો બીજા પ્રયત્નો કરી શકયો હોત કારણે આમીરખાન તો ફિલ્મ બનાવતા જ હતા અને ટી.વી સિરીયલ, વેબસિરીઝ પણ હતી. તેણે તે બધું ન કર્યું. પત્ની અવંતિકા પછી લેખા તેના જીવનમાં આવી અને તેની સાથે એક બીજું જીવન શરૂ કર્યું. અલબત્ત તેઓએ લગ્ન નથી કર્યા.

ઈમરાન ફરી કામ કરવા તત્પર છે. અબ્બાસ ટાયરવાલાની એક સ્પાય થ્રીલર માટે તૈયાર પણ થયો પરંતુ અત્યારે એફિલ્મ પાછળ ઠેલાય છે અએટલે ફરી રાહ જોશો. ઈમરાને આજ સુધી 12 ફિલ્મોમાં જ કામ કર્યું છેઅને 13મીની રાહ જોશો પણ તેને આટલા વર્ષની નિવૃત્તિનો કોઈઅફસોસ નથી. તે કહે છે કે હું ફિલ્મોમાં આવ્યા પહેલાં પણ જુદુ જ જીવન જીવ તો હતો અને ગુરુકુલમાં રહ્યો છું જયા વીજળી પણ નહોતી. ત્યાં કેરોસીનના દીવા હતા. અમે ખેતી ય કરતા અને ખેતરમાં પાણી પણ વાળતા. એટલે સાદગીનું જીવન મને પસંદછે. ઈમરાન અત્યારે 100 કરોનડી સંપત્તિ ધરાવતો હોવાનું ઘણું કહે છે પણ તે હવે જે ફલેટમાં રહેવા લાગ્યો છે તેમાં ટીવી પણ નથી રાખ્યું. ફકત એક સોફા અને 3 ખુરસી છે. તે કહે છે કે ઓછી ચીજો જીવવાતી આ જગતના બજારવાદનો સાચો પ્રતિકાર કરી શકશો. ●

"ઇમરાન અત્યારે 100 કરોડની સંપત્તિ ધરાવતો હોવાનું ઘણા કહે છે પણ તે હવે જે ફ્લેટમાં રહેવા લાગ્યો છે તેમાં ટીવી પણ નથી રાખ્યું. ફકત એક સોફા અને 3 ખુરસી છે."